# પ્રભુની મેજ

## પ્રભુની મેજ સમયે વિશ્વાસીઓ પ્રભુની હાજરીનો અનુભવ કરે છે

બાળકો મધ્યે સેવા કરનારે L3b નો સ્ટડી વાંચવો


જો તમે સામૂહિક ભજન કરવા બાબતની માર્ગદર્શિકા વાંચી નથી તો
(સ્ટડી # aoe ની પ્રસ્તાવના) કૃપા કરી હમણાં જ તેમ કરો.

**પ્રાર્થના :** હે પ્રભુ, જ્યારે અમે એકઠા મળીને પ્રભુનો પ્યાલો અને પ્રભુની રોટલી ખાઈએ છીએ ત્યારે મને અને મારા લોકોને તમારી માફીદાયક કૃપા અને જીવન દાયક આત્માનો અનુભવ કરાવો.

**૧. દેવના વચન વડે તમારા હૃદય અને મનને તૈયાર કરો અને પ્રભુની મેજમાં લોકોને દોરી જાવ.**

છેલ્લા વીસ સૌકાઓથી પ્રભુની મેજ (જેને જુદી જુદી રીત સંબોધવામાં આવે છે, જેમ કે પ્રભુભોજન, પ્રભુની સંગત, યુખારીસ્ટ વિ.) તે ખ્રિસ્તી ભજનમાં મધ્યવર્તી સ્થાન ધરાવે છે.

### પૂર્વભૂમિકા



- જે મંડળી એમ કહે છે કે આ પ્યાલો અને રોટલી સાચે સાચ પ્રભુ ઈસુનું લોહી અને માંસ બની જાય છે તેઓ ભૂલમાં છે.
- કેટલીક મંડળી માને છે કે પ્રભુનો પ્યાલો અને રોટલી ફક્ત યાદગીરીના અર્થમાં છે તે સિવાય બીજો કોઈ આત્મિક ફાયદો નથી તેઓ પણ ભૂલમાં છે.



- નીચેના આધારવચનો વાંચો અને જાણો કે પ્રભુનું વચન આ બાબતે શું શિક્ષણ આપે છે ?

**નિર્ગમન ૧૨ : ૨૧ - ૨૮**માંથી શોધો

- મિસરમાં ક્યા લોકોને પાસ્ખાનું અર્પણ તૈયાર કરવાની આજ્ઞા કરવામાં આવી હતી ?
- પાસ્ખાના રક્તનું તેઓએ શું કર્યું ?
- જેઓએ પાસ્ખાયજ્ઞ કર્યો તેઓ માટે પ્રભુ શું કરવાનો હતો ?

**નિર્ગમન ૧૬ :૨-૫** માંથી શોધો.

- મુસા સાથે ઈસ્ત્રાએલપુત્રોએ લાંબી મજલ શરૂ કરી ત્યારે તેમને કઈ બાબતની ચિંતા હતી ?
- લોકોની જરૂરિયાતો દેવે શું કરીને પૂરી કરી ?
- નિર્ગ ૧૬ : ૩૦-૩૧ માંથી બતાવો કે જે રોટલી દેવે તેમને મફત આપી તેને લોકોઅએ શું નામ આપ્યું ?

**માર્ક ૮ :૧- ૯** માંથી શોધો.

- જે લોકો ઈસુનું સાંભળતા હતા તેમના વિષે ઈસુને શું લાગ્યું ?
- લોકો ઈસુનું જ્યાં સાંભળતા હતા તે જગા કેવા પ્રકારની હતી (કલમ ૪) ?
- લોકોની જરૂરિયાત ઈસુએ કઈ રીતે પૂરી પાડી ?

**યોહાન ૬ :૨૫-૩૬**માં શોધો.

- દેવે ઈસ્ત્રાએલપુત્રોને ચમત્કારિક માન્ના પુરું પાડયું ત્યારના તેમના આગેવાન મુસા સાથે ઈસુનું શું સામ્ય હતુ ?
- મુસા કરતા ઈસુ મોટો કઈ રીતે ?

**યોહાન ૬ : ૪૮-૫૧**માંથી શોધો.

- તેનામાં વિશ્વાસ મૂકનારને ઈસુએ શું આપવાનું વચન આપ્યું છે ?

**યોહાન ૬ :૫૨ -૬૪** માંથી શોધો.

- જેઓ તેનું શરીર અને રક્ત ખાય અને પીએ છે તેઓને શું આપવાનું વચન ઈસુએ આપ્યું છે ?
- જેઓ તેને ખાય અને પીએ છે તે સર્વને ઈસુએ બીજું વધારે શું આપવાનું વચન આપ્યું છે ?
- લોકો ઈસુ ને કઈ રીતે ખાય અને પી શકે (કલમ ૬૩, ૬૪) ?

**માથ્થી ૨૬ : ૨૬-૨૯**માંથી શોધો.

- જયારે ઈસુ અને તેના શિષ્યો યહુદી પાસ્ખા ખાતા હતા ત્યારે શું થયું ?
- પાસ્ખાની રોટલીને ઈસુ શું કહે છે ?
- પાસ્ખાના પ્યાલાને ઈસુ શું કહે છે ?

પોતાના શિષ્યોને ઈસુ શું કરવાની આજ્ઞા કરે છે ?

**૧કોરંથી ૧૦:૧૬-૨૨** માંથી શોધો.

- પ્રભુના પ્યાલામાંથી વિશ્વાસી પીવે છે ત્યારે શું થાય છે (કલમ૧૬) ?
- પ્રભુની રોટલીમાંથી વિશ્વાસી ખાય છે. ત્યારે શું થાય છે ?
- પારકા યજ્ઞોમાંથી ખાવામાં વિશ્વાસીઓ માટે શું જોખમ છે ?

**૧ કોરંથી ૧૧:૨૫-૩૪** માંથી શોધો.

- પ્રભુની મેજમાં ભાગ લેવો તે અગત્યનો સંદેશો બોલવા બરાબર છે (કલમ૨૬)
- પ્રભુની મેજમાં ભાગ લેતા પહેલાં વિશ્વાસીએ શું કરવું જોઈએ ?
- કલમ ૨૭,૨૮
- બીજા વિશ્વાસીઓને આપણે પ્રેમ બતાવી ન શકીએ અને પ્રભુની મેજમાં ભાગ લઈએ તો તેમાં કેવું જોખમ છે ?

**૨. આગામી સપ્તાહની પ્રવૃત્તિઓ માટે સહ કાર્યકરો સાથે રહીને આયોજન કરો.**

માંદા અને નિર્બળ લોકો જેઓ ભજનસેવામાં આવી શકતા નથી તેઓ પાસે જઈને પ્રભુની મેજની સેવામાં ભાગીદાર બનાવવા માટે સેવકોને ગોઠવવા  જો કોઈ વિશ્વાસી પ્રભુની મેજની અગત્યતાને માન આપતો ના દેખાય તો પ્રભુના શરીર અને રક્તનું જે રહસ્ય છે તે પ્રભુની મેજમાં ભાગ લેતી વખતે સમજીને તેને માન આપવાની જરૂર વિષે તેવા વિશ્વાસી સાથે ચર્ચા કરવી. તમારા સાથીદારો સાથે ચર્ચા કરો કે જેઓ પ્રભુની મેજમાં ભાગ લે છે. તેઓ ઈસુ અને પાઉલે આ મેજને જે મહત્વ આપ્યું છે તે આપે. સભાના આગેવાનોને અને કુટુંબના જે મુખ્ય હોય તેઓને એ રીતે તાલીમ આપો કે કોઈ જાતના ખુલાસા વગર જ મેજની સેવામાં ભાગ લેવો. (પ્રભુની રોટલી અને પ્યાલાને જ બોલવા દો કારણકે દરેક વિશ્વાસીના હ્રદયમાં કામ કરનાર તો પવિત્ર આત્મા છે.)

**૩. સ્તુતિ આરાધનાના આવનાર સમય માટે તમારી સાથીદારો સાથે આયોજન કરો.**


બાળકોએ તૈયાર કરેલાં નાટક, ગીત કે પ્રશ્નો તેમને રજુ કરવા દો.

ભાગ-૧માં તમને જે મળ્યું હોય તે વિષે કહો અથવા કરી બતાવો તમને જે મળ્યું હોય તે બાબતના પ્રશ્નો કરો.

- યહુદી પાસ્ખા પર્વ નિર્ગમન - ૧૨:૨૧-૨૮
- આકાશમાંની રોટલી નિર્ગમન - ૧૬:૨-૫; ૩૦-૩૧
- ઈસુએ ચાર હજારને જમાડ્યા - માર્ક ૮:૧-૯

- ઈસુ લોકોને તેનું માંસ ખાવાનું કહે છે અને વિશ્વાસીઓને કઈ પ્રતિજ્ઞા આપે છે? યોહાનઃ૬-૨૫-૩૬,૪૮,૬૪
- ઈસુ પ્રભુભોજનનો વિધિ કરાવે છે. માત્થી-૨૬:૨૬-૨૯
- પ્રભુની મેજમાં ખાવું ને પીવું ખરેખર શું છે ?૧ કોરંથી ૧૦:૧૬-૨૦
- પ્રભુની મેજમાં ભાગ લેતા પહેલાં આપણે આપણાં પાપ કેમ કબુલ કરીએ છીએ ? ૧ કોરંથી-૧૧:૨૫-૩૪

**જો કોઈ વિશ્વાસી સારૂં ગાઈ શકે છે**. અને વધસ્તંભ વિષેનું કોઈ સુંદર ગીત તેની પાસે છે. તો તે ઊભો થઈને બધાંને શીખવે અને ગવડાવે તેવું કહો. જો જોરથી ગાવાનું ઠીક ન પડે તો ધીમેથી મધુરતાથી ગાવાનું કહો.



પ્રભુ મેજ શરૂ કરતી વખતે ઉત્પત્તિ ૪:૪ વાંચો અથવા આદમના સંતાન હાબેલે નિર્દોષ હલવાનના રકતનું બલિદાન કેવી રીતે આપ્યું તે કહો. હવે સમજાવો કે પ્રભુ ઈસુ પણ નિર્દોષ અને નિષ્કલંક બલિદાન હતા જે આપણને દેવ પાસે લઈ જાય છે. પ્રભુની મેજમાં ભાગ લેતા પહેલાં વિશ્વાસીઓને પોતાના પાપ કબૂલ કરવાનો સમય આપો. જો જાહેર પાપ થયા હોય તો એકબીજા આગળ કબૂલ કરવાનું કહો.

બધાં એકસાથે **૧ યો. ૧:૭-૯ મોઢે કરો.**